દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૮ ઓગસ્ટ, ૨૦૨૬

# રાજીવ ગાંધીની મિ. ક્લીનની ઈમેજને બગાડનાર બોફોર્સ કેસ પર સુપ્રીમનું પૂર્ણવિરામ

જેણે ભારતના રાજકીય અને ન્યાયિક ઇતિહાસમાં સૌથી વધુ તોફાન મચાવ્યું, રાજીવ ગાંધીની મિ. ક્લીનની ઈમેજને ખરડી નાખી, અનેક સરકારોના ભવિષ્ય નક્કી કર્યા અને ચૂંટણીના સમીકરણો બદલી નાખ્યા, તે બહુચર્ચિત બોફોર્સ કૌભાંડ આખરે ચાર દાયકા પછી કાયદેસર રીતે પૂર્ણવિરામ પામ્યું છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના ૨૦૦૫ના તે નિર્ણયને પડકારતી છેલ્લી પેન્ડિંગ અરજીને ફગાવી દીધી છે, જેમાં હિન્દુજા બંધુઓ (શ્રીચંદ, ગોપીચંદ અને પ્રકાશ હિન્દુજા) તેમજ સ્વીડિશ શસ્ત્ર ઉત્પાદક એબી બોફોર્સ સામેની ફોજદારી કાર્યવાહી રદ કરવામાં આવી હતી. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ વિનોદ કે. ચંદ્રનની બેંચે વરિષ્ઠ વકીલ અજય અગ્રવાલ દ્વારા દાખલ કરાયેલી અરજી પર વધુ સુનાવણી કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો. કોર્ટે અત્યંત માર્મિક ટિપ્પણી કરતા પ્રશ્ન કર્યો કે, આટલા જૂના કેસમાં હવે સુનાવણી લંબાવવાનું શું વાજબીપણું છે? આ નિર્ણય સાથે જ ભારતીય રાજકારણમાં દાયકાઓ સુધી ગૂંજતા રહેલા 'બોફોર્સ' નામના પ્રકરણનો વિધિવત અંત આવ્યો છે.

બોફોર્સ કૌભાંડની શરૂઆત ૧૯૮૬માં થઈ હતી, જ્યારે તત્કાલીન રાજીવ ગાંધી સરકારે સ્વીડનની શસ્ત્ર ઉત્પાદક કંપની એબી બોફોર્સ સાથે ૧૫૫ મિલીમીટરની ૪૧૦ હોવિત્ઝર તોપો ખરીદવા માટે આશરે ૧,૪૩૭ કરોડનો કરાર કર્યો હતો. પ્રિલ ૧૯૮૭માં સ્વીડિશ રેડિયોએ એક સનસનાટીભર્યો ખુલાસો કર્યો કે આ સોદો મેળવવા માટે ભારતીય રાજકારણીઓ, સંરક્ષણ અધિકારીઓ અને વચેટિયાઓને કરોડો રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. આ ખુલાસાએ સમગ્ર દેશમાં આક્રોશની લહેર પેદા કરી. 'ગલી ગલીમાં શોર હૈ...' જેવા નારાઓ સાથે વિપક્ષોએ તત્કાલીન કોંગ્રેસ સરકારને ઘેરી લીધી. આ મુદ્દાના પરિણામે ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે સત્તા ગુમાવવી પડી અને વી.પી. સિંહના નેતૃત્વમાં નેશનલ ફ્રન્ટની સરકાર અસ્તિત્વમાં આવી. બોફોર્સે સાબિત કર્યું કે સંરક્ષણ સોદાઓમાં ભ્રષ્ટાચારનો મુદ્દો દેશની સૌથી મોટી સરકારોને પણ પાડી દેવાની તાકાત ધરાવે છે.

સીબીઆઈ દ્વારા ૧૯૯૦માં આ કેસમાં પ્રથમ એફઆઈઆર નોંધવામાં આવી હતી. વર્ષોની તપાસ બાદ સીબીઆઈ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી, જેમાં ઈટાલીના ઉદ્યોગપતિ ઓટ્ટાવિયો ક્વોટ્રોચી, પૂર્વ સંરક્ષણ સચિવ એસ.કે. ભટનાગર, વચેટિયા વિન ચઢ્ઢા અને હિન્દુજા બંધુઓના નામે આરોપો મૂકવામાં આવ્યા. તપાસ દરમિયાન અનેક કાનૂની ગૂંચવણો ઊભી થઈ, જેમાં સ્વિત્ઝર્લેન્ડ અને સ્વીડનની બેંકો પાસેથી ગુપ્ત માહિતી અને દસ્તાવેજો મેળવવામાં વર્ષો વીતી ગયા. સીબીઆઈ દસ્તાવેજી પુરાવાઓ કે લાંચની રકમ સીધી રીતે આરોપીઓ સુધી પહોંચી હોવાનું ન્યાયાલય સમક્ષ નિશ્ચિતપણે સાબિત કરી શકી નહીં. કેસ ચાલતો રહ્યો તે દરમિયાન રાજીવ ગાંધી, વિન ચઢ્ઢા, એસ.કે. ભટનાગર અને ક્વોટ્રોચી જેવા મુખ્ય પાત્રોનું અવસાન થઈ ગયું. ૩૧ મે, ૨૦૦૫ના રોજ દિલ્હી હાઈકોર્ટે હિન્દુજા બંધુઓ અને એબી બોફોર્સ ની સામેના તમામ ફોજદારી આરોપોને રદ કરી દીધા. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં સીબીઆઈની તપાસ પદ્ધતિ અને વલણની આકરા શબ્દોમાં ટીકા કરી હતી.

હાઈકોર્ટે નોંધ્યું હતું કે સીબીઆઈની આ લાંબી અને અપરિણામકારી તપાસ પાછળ સરકારી તિજોરીના આશરે ૨૫૦ કરોડ ખર્ચાઈ ગયા, પરંતુ એજન્સી પૂરતા અને પ્રમાણભૂત પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહી. આ ચુકાદા બાદ હિન્દુજા બંધુઓને તમામ આરોપોમાંથી મુક્તિ મળી. જોકે, આ નિર્ણય સામે તરત જ અપીલ કરવાને બદલે સીબીઆઈએ વર્ષો સુધી મૌન સેવ્યું. ૨૦૦૫ના હાઈકોર્ટના ચુકાદા સામે સીબીઆઈએ ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. પરંતુ સુપ્રીમ કોર્ટે એજન્સીની આ અપીલને ગ્રાહ્ય રાખવાનો ઇનકાર કર્યો કારણ કે સીબીઆઈ ૪,૫૨૨ દિવસના વિલંબ માટે કોઈ સંતોષકારક કે વ્યાજબી કારણ આપી શકી નહોતી. બીજી તરફ, વકીલ અજય અગ્રવાલે એક ખાનગી નાગરિક તરીકે દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ન્યાયતંત્ર સમક્ષ આ એક મોટો સવાલ ઊભો થયો હતો કે જ્યારે મૂળ તપાસ એજન્સી પોતે ચુકાદાને સમયસર ન પડકારે, ત્યારે કોઈ ખાનગી વ્યક્તિની અપીલ ફોજદારી કેસમાં કેટલી ટકી શકે? આખરે, તાજેતરમાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે દાયકાઓ જૂના આ કેસને હવે અનંતકાળ સુધી ખેંચી શકાય નહીં, અને અરજદારની મુલતવી રાખવાની વિનંતીને ફગાવીને કેસનો કાયદેસર અંત આવ્યો હતો. જે રીતે બોફોર્સના કેસમાં કશું નીકળ્યું નહીં તેણે બતાવ્યું કે તે સમયે આ આરોપો રાજકીય રીતે મુકવામાં આવ્યા હતા. હાલમાં પણ હરીફ રાજકારણીઓ પર આરોપો અને આક્ષેપો મુકવાની પદ્ધતિ ચાલી રહી છે ત્યારે બોફોર્સનો ચુકાદો ખુબ જ સૂચક છે તે નક્કી છે.

# પ્રશાંત કિશોરની જીત કોને ભારે પડશે?

બિહારની પટણા વેસ્ટ તરીકે પહેલાં જાણીતી બાંકીપુરની વિધાનસભાની બેઠક પર જન સુરાજના પ્રશાંત કિશોરની ઝળહળતી જીત રાજકીય રીતે ઘણું બધું કહી જાય છે. આ પેટા ચૂંટણી ભલે રહી પણ એના પરિણામે ભાજપને જ નહિ પણ વિપક્ષને પણ સંદેશ આપ્યો છે.

2025ની સામાન્ય વિધાનસભા ચૂંટણીમાં જન સુરાજ પાર્ટીનું ખાતું પણ નહોતું ખૂલ્યું ત્યારે આ જીત પ્રશાંત કિશોર અને તેમના રાજકીય પ્રયોગ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ છે. બાંકીપુર બેઠક છેલ્લા ત્રણ દાયકાથી ભાજપનો અત્યંત સુરક્ષિત અને મજબૂત શહેરી ગઢ માનવામાં આવતી હતી. આ બેઠક પરથી ભાજપના વરિષ્ઠ નેતા નીતિન નવીન સતત જીતતા આવ્યા હતા અને તેઓ રાજ્યસભામાં જતાં આ બેઠક ખાલી પડી હતી. આટલા મજબૂત ગઢમાં ભાજપને હરાવીને પ્રશાંત કિશોરે (૧૯,૩૨૪ મતોની જંગી લીડથી) એ સાબિત કરી દીધું છે કે યોગ્ય રણનીતિ અને જમીની પકડ સામે પરંપરાગત ગઢ પણ સુરક્ષિત નથી.

2025ની ચૂંટણીમાં નિષ્ફળતા બાદ રાજકીય વિશ્લેષકો જન સુરાજના ભવિષ્ય સામે સવાલો ઉઠાવી રહ્યા હતા. પરંતુ પ્રશાંત કિશોરે અન્ય કોઈ ઉમેદવારને મેદાનમાં ઊતારવાને બદલે પોતે જ બાંકીપુરથી ચૂંટણી લડવાનો દાવ રમ્યો જે સફળ રહ્યો. બિહારનું રાજકારણ લાંબા સમયથી મુખ્યત્વે બે ધ્રુવો [એનડીએ વિ. મહાગઠબંધન) આસપાસ ફરતું રહ્યું છે. આ ચૂંટણીમાં ભાજપના પરંપરાગત મતદારો ઉપરાંત આરજેડીની વોટબેંકમાં પણ ગાબડું પડ્યું છે. આરજેડીનાં ઉમેદવાર રેખા ગુપ્તા ત્રીજા સ્થાને ધકેલાઈ ગયાં. આ પરિણામ તે વાતનો સંકેત છે કે તેજસ્વી યાદવ કે મહાગઠબંધન સિવાયનો મતવર્ગ હવે ભાજપના વિકલ્પ તરીકે પ્રશાંત કિશોર અને જન સુરાજમાં ભવિષ્ય જોઈ રહ્યો છે.

પ્રશાંત કિશોરે આ ચૂંટણીને માત્ર એક ધારાસભ્યની ચૂંટણી તરીકે નહીં, પરંતુ સરકાર સામેના જનમત તરીકે લડી હતી. તેમનો પૂરો પ્રચાર જાતિ કે ધર્મનાં સમીકરણોથી ઉપર ઊઠીને શિક્ષણ, રોજગાર, યુવાનોનું સ્થળાંતર અને મૂળભૂત સુવિધાઓ જેવા વાસ્તવિક વિકાસના મુદ્દાઓ પર કેન્દ્રિત હતો. આ જીત દર્શાવે છે કે શહેરી મતદારો પણ હવે વિકાસ અને સુશાસનના મુદ્દે મતદાન કરવા માટે આતુર છે.

બિહારમાં લાંબા સમયથી એવું મનાતું હતું કે ભાજપ સામે લડવાની તાકાત માત્ર લાલુ-તેજસ્વીના મહાગઠબંધન (ખાસ કરીને મુસ્લિમ-યાદવ સમીકરણ) પાસે જ છે.

પરંતુ બાંકીપુરમાં આરજેડી ઉમેદવાર ત્રીજા નંબરે ધકેલાઈ ગયા અને મુસ્લિમ કે અન્ય પરંપરાગત મતદારોનો એક વર્ગ પણ જો પ્રશાંત કિશોર તરફ વળ્યો હોય, તો તે RJDના અસ્તિત્વ માટે મોટો ખતરો છે.

જો જનતા ભાજપના વિકલ્પ તરીકે RJD ને બદલે ત્રીજા પક્ષ (જન સુરાજ) પર ભરોસો મૂકવા લાગે, તો તેજસ્વી યાદવના વિપક્ષી નેતૃત્વ સામે મોટો પડકાર ઊભો થાય છે. તેજસ્વીએ આ પરિણામ બાદ પક્ષીય ફેરફારો કર્યા છે.

એક મુદ્દો એ પણ છે કે, જન સુરાજે બાંકીપુરમાં ભાજપને સારું એવું નુકસાન કર્યું છે પણ એનાથી વધુ આરજેડીને વધુ નુકસાન કર્યું છે. એનો અર્થ એમ સમજવો કે આગળ જતાં જન સુરાજ ભાજપ કરતાં વિપક્ષને વધું નુકસાન કરી શકે. ગુજરાતમાં અને હરિયાણામાં આપના કારણે કોંગ્રેસને ભારે નુકસાન થયું છે એ દાખલા છે જ. જન સુરાજ આવો વધુ એક દાખલો પૂરો પાડશે? આ સવાલ મહત્ત્વનો છે.

આમ તો પ્રશાંત કિશોરની આ રણનીતિ અને પક્ષનો પ્રયોગ હાલ પૂરતો ફક્ત બિહારના સામાજિક અને રાજકીય માળખા પર કેન્દ્રિત છે. તેથી તેની સીધી અસર ગુજરાત કે અન્ય રાજ્યોની સ્થાનિક ચૂંટણીઓ પર તરત દેખાય તેવી શક્યતા ઓછી છે.

દરેક રાજ્યના સ્થાનિક પ્રશ્નો, જાતિગત સમીકરણો અને રાજકીય સંસ્કૃતિ અલગ હોય છે. હા, જો

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

### દરેક રાજ્યના સ્થાનિક પ્રશ્નો, જાતિગત સમીકરણો અને રાજકીય સંસ્કૃતિ અલગ હોય છે

કોઈ રાજ્યમાં પરંપરાગત પક્ષોથી જનતા ત્રાસી ગઈ હોય, તો નવા ઉભરતા નેતાઓ કે પક્ષો માટે 'જન સુરાજ' જેવું મોડેલ એક કેસ સ્ટડી ચોક્કસ બનશે કે જમીન પર સંગઠન બનાવીને કેવી રીતે મજબૂત ગઢને પણ ભેદી શકાય છે.

બિહાર વિધાનસભામાં પીકે હવે પ્રશ્નો ઉઠાવશે અને ભાજપ સરકારે જવાબ દેવા પડશે. ટૂંકમાં કહીએ તો, આ જીતે બિહારના વિપક્ષ માટે એ સંદેશ સ્પષ્ટ કરી દીધો છે કે જો તેઓ જનતાના વાસ્તવિક મુદ્દાઓ પર ખરા નહીં ઊતરે, તો જનતા તેમની રાહ જોયા વગર ત્રીજા વિકલ્પને અપનાવવામાં સંકોચ નહીં કરે.

ઝારખંડમાં વિદ્યાર્થી આંદોલન

ઝારખંડ લોક સેવા આયોગ અને અન્ય પરીક્ષાઓમાં કથિત પેપર લીક અને ગેરરીતિઓ સામે ચાલી રહેલું વિદ્યાર્થી આંદોલન રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં છે. જંતરમંતર પદ્ધતિએ જ આ આંદોલન શરૂ થયું છે અને એને વ્યાપક ટેકો મળી રહ્યો છે. ત્યાં સોનમ વાંગચુકની જેમ વિદ્યાર્થી નેતા મહાતોએ ઉપવાસ આંદોલન કર્યું અને ઝારખંડ સરકારે ઝૂકવું પડ્યું છે.

આ આંદોલનને કારણે હેમંત સોરેન સરકાર પર ભારે દબાણ વધ્યું છે. વિદ્યાર્થીઓના ઉગ્ર વિરોધ અને ભૂખ હડતાળના પગલે સરકારને અંતે નમતું જોખવું પડ્યું છે અને પ્રશાસને વાતચીત માટે દરવાજા ખોલીને વિદ્યાર્થીઓનું પ્રતિનિધિમંડળ બોલાવવું પડ્યું છે.

આ કોઈ એક સંસ્થાગત કે રાજકીય પક્ષપ્રેરિત આંદોલન નથી, પરંતુ સોશ્યલ મીડિયાના માધ્યમથી એકઠા થયેલા સામાન્ય ખેડૂત અને શ્રમિક પરિવારનાં યુવાનોનું 'જેન-ઝી' આંદોલન બની ગયું છે, જેણે રાજ્યવ્યાપી રૂપ ધારણ કર્યું છે.


આ વિરોધ માત્ર એક પરીક્ષા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર રાજ્યની ભરતી પ્રણાલી, ઓએમઆર શીટમાં સુધારા અને એજન્સીઓની વિશ્વસનીયતા સામે મોટા પ્રશ્નાર્થો ખડા કરી રહ્યો છે.

આ આંદોલન દિલ્હીના 'જંતર-મંતર' પર થતા વિરોધોથી કઈ રીતે જુદું પડે છે?

દિલ્હીના જંતર-મંતર અને ઝારખંડના આ વિદ્યાર્થી આંદોલનની સફળતા કેન્દ્ર જ નહિ રાજ્ય સરકારો સામે એક સવાલ બની ગયો છે. પરીક્ષાઓ અને શિક્ષણમાં ગરબડ સામે હવે ઝેન જી સામા પવને લડવા તૈયાર છે અને આગળ જતાં બીજા મુદાઓ પર પણ આંદોલન થઈ શકે છે. સીજેપી આ દિશામાં આગળ વધે એવી પૂરી શક્યતા છે. સરકારો જાગશે નહિ તો એમને આવાં આંદોલનો ભારે પડવાનાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સુકૂનની ઊંઘ માટે



એક ફકીરબાબા આખો દિવસ ઝાડ નીચે બેસીને અલ્લાની બંદગી કરતા, તેમની પાસે જે કોઈ પ્રશ્ન લઈને આવે તેને પોતાની રીતે જવાબ આપી તેની સમસ્યામાં માર્ગ દેખાડતા. આજુબાજુ રખડતાં કૂતરાંઓને રોટી ખવડાવતા અને પોતે પણ રોટી કહીને ખુશ રહેતા.ઝાડ નીચેથી ઊઠીને મોટે ભાગે ક્યાંય જતા નહિ અને રાત્રે પણ ત્યાં જ સૂઈ રહેતા.

એક દિવસ તેમની પાસ એક સોદાગર આવ્યો. તેણે કહ્યું, ''બાબા, મેં સાંભળ્યું છે કે તમે દરેકની સમસ્યામાં માર્ગ દેખાડો છો?'' ફકીર બાબાએ કહ્યું, ''હું માર્ગ નથી દેખાડતો. બસ, મને જે સૂઝે છે તે કહું છું. તેમાં લોકોને સાચો માર્ગ દેખાઈ જાય છે. તારા મનમાં કઈ સમસ્યા તને સતાવી રહી છે?''

સોદાગર ચમકી ગયો કે ફકીરબાબા તેના મનની વાત સમજી ગયા કે મારા મનમાં પણ એક સમસ્યા છે. તેણે ધીમેથી કહ્યું, 'બાબા, મારી પાસે બધું જ છે અને દિવસે દિવસે સફળતા મળે છે પણ રાત્રે સુકુનની ઊંઘ આવતી નથી. હું બરાબર સૂઈ શકતો નથી.''

બાબાએ કહ્યું, ''સોદાગર, તું ભલે એક સોદાગર છે પણ બધે આ સોદાબાજી બંધ કર તો સારી ઊંઘ આવશે.સુકુનની ઊંઘ માટે બે વસ્તુ બહુ જરૂરી છે અને મને લાગે છે કે તારી પાસે બંનેમાંથી એક પણ નથી.''

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

સોદાગરને થોડો ગુસ્સો આવ્યો. તેણે જરા અભિમાનથી કહ્યું, ''બાબા, મારી પાસે બધું જ છે. બધો એશોઆરામ છે તો એવી તે કઈ વસ્તુઓ જરૂરી છે સારી ઊંઘ માટે જે મારી પાસે નથી. મને જણાવો.''

ફકીરબાબા હસવા લાગ્યા અને બોલ્યા, ''તારી પાસે બધા એશોઆરામ છે તો ઊંઘ કેમ નથી? બોલ છે જવાબ.'' સોદાગર પહેલાં તો ચૂપ થઈ ગયો. પછી થોડી વાર રહીને તેણે ધીમેથી પૂછ્યું, ''બાબા, મારી ભૂલ થઈ. મને કહો ને કઈ બે વસ્તુ જરૂરી છે. હું ગમે તેટલી કિંમતી હશે લઇ આવીશ.''

ફકીરબાબા ફરી હસ્યા અને બોલ્યા, ''સોદાગર, સુકૂનભરી ઊંઘ માટે જરૂરી છે એકદમ 'પવિત્ર મન' જેમાં કોઈના માટે પાપ, રાગ, દ્વેષ ન હોય અને જરૂરી છે 'સારા ઈરાદાઓ' બીજાને મદદ કરવાના, કામમાં આવવાના, વેપારમાં નીતિ રાખવાના વગેરે... પણ તારા મનમાં બીજાને ઠગીને, લૂંટીને, દબાવીને વધુ પૈસા કમાવાના ઈરાદા છે. તારા મનમાં લોભ અને લાલચ છે એટલે તને સુકૂનભરી ઊંઘ તો દૂર ઊંઘ જ આવતી નથી. જો મન પવિત્ર હશે અને મનમાં કોઈ ખરાબ ઈરાદા નહિ હોય તો શાંતિથી ઊંઘ આવશે જ.'' ફકીરબાબાએ સોદાગરની આંખો ખોલી નાખતું સત્ય સમજાવ્યું.

# 7 વર્ષ અને જમ્મુ અને કાશમીરને રાજ્યનો દરજ્જો આપવાનો મુદ્દો હજુ પણ અટવાયેલો છે

5 ઓગસ્ટ, 2026; આર્ટિકલ 370 નાબૂદ કરવાનો સાતમો વાર્ષિક દિવસ, જેના કારણે જમ્મુ અને કાશ્મીર પાસેથી રાજ્યનો દરજ્જો છીનવી લેવાયો અને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશો (UTs) માં વિભાજિત કરવામાં આવ્યું. ભારતીય ગણતંત્રનાં ૭૦ થી વધુ વર્ષના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ અને અપ્રતિમ ઘટના હતી અને સંસદ તથા ભારતની સુપ્રીમ કોર્ટ સહિત વિવિધ મંચો પર કેન્દ્ર સરકાર અને શાસક ભાજપ દ્વારા રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે આપવામાં આવેલી ગંભીર ખાતરી હજુ પણ પૂરી થવાની રાહ જોઈ રહી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે આ ગંભીર ખાતરી પૂરી કરવા માટે આ સાતમા વાર્ષિક દિવસથી વધુ ઉત્તમ પ્રસંગ કે તક બીજી કોઈ હોઈ જ ન શકે. તે વર્તમાન શાસક પક્ષની ભવ્ય રજૂઆત કરવાની શૈલી સાથે વધુ યોગ્ય રીતે બંધબેસતું હોત, જેમાં તારીખો અને પ્રતીકો મોટી ભૂમિકા ભજવે છે.

'યોગ્ય સમયે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે' એવી ગંભીર ખાતરી હવામાં લટકી રહી છે. સંસદનાં બંને ગૃહોમાં અને બહાર વારંવાર 'યોગ્ય સમય'ની વ્યાખ્યા અંગે પૂછવામાં આવેલા પ્રશ્નોને સત્તાધીશો દ્વારા 'સુરક્ષા' ના નામે ટાળવામાં આવ્યા છે.

સરકાર આ મુદ્દે ચર્ચા કરવા માટે પણ તૈયાર ન હોવાને કારણે આપેલી ખાતરીનું મહત્ત્વ દરરોજ ઘટતું જાય છે. તો પછી બે વર્ષ પહેલાં નબળી લોકશાહી પ્રણાલી પૂરી પાડવા માટે વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની કે તેને પુનઃસ્થાપિત કરવાની જરૂર ન પડી હોત.

તેના પરિણામે ઊભા થયેલા બેવડા સત્તા-કેન્દ્રોએ કોઈ સમસ્યા ઉકેલવાને બદલે વધુ મૂંઝવણ ઊભી કરી છે. વધુ ગંભીરતાથી જોઈએ તો, સત્તાનાં કેન્દ્રો અલગ-અલગ દિશામાં ખેંચાતાં હોવાથી અને ખાસ કરીને વિકાસના ધોરણે જાહેર હિતને ભારે નુકસાન પહોંચાડતાં હોવાથી તેણે ચૂંટાયેલી સરકારની ગરિમાને ભારે નુકસાન પહોંચાડ્યું છે. વારંવાર એક જ વાતના પુનરાવર્તનને બદલે સતત સકારાત્મક પગલાં લેવાયાં હોત તો 'યોગ્ય સમયે રાજ્યનો દરજ્જો'ના સિદ્ધાંતે થોડી વિશ્વસનીયતા મેળવી હોત, પરંતુ હાલની સ્થિતિથી શાસક પક્ષનાં વર્તુળો અને તેમના કટ્ટર સમર્થકો સિવાય કોઈ પણ આશ્વસ્ત થયું નથી. આ દિશામાં એક સક્ષમ પગલું એ હોત કે કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીર સંબંધિત કાર્યોમાં પારદર્શિતા લાવત અને સુરક્ષા સંબંધિત બાબતો સિવાયની પોતાની કાર્યવાહી દેશનાં લોકોને સમજાવત.

ઉપરછલ્લી રીતે જોઈએ તો, કેન્દ્રશાસિત પ્રદેશમાં સુરક્ષાની

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

### સરકારે ચોક્કસ સમયમર્યાદા આપ્યા વિના 'જે એન્ડ કે'ને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી

સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ જમ્મુ અને કાશ્મીરમાં બંધારણીય ફેરફારો પાછળ કેન્દ્રનો મૂળ આધાર તત્કાલીન સુરક્ષા પરિસ્થિતિ હતો. જો આ લક્ષ્ય સંતોષકારક સ્તરે પ્રાપ્ત થઈ ગયું હોય, તો સાતમી વાર્ષિક તિથિ પર રાજ્યના દરજ્જાના મુદ્દા પર પુનર્વિચાર કરવો એ નરેન્દ્ર મોદી સરકાર માટે પોતાના હિતમાં જ એક યોગ્ય બાબત હોત.

આર્ટિકલ 370 નાબૂદ કરવાની સાતમી વાર્ષિક તિથિની પૂર્વસંધ્યાએ નિર્દોષ નાગરિકો અને પોલીસકર્મીઓની લક્ષ્યાંકિત હત્યાઓની બે ઘટનાઓ જેવી અવારનવાર બનતી હિંસા ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આ ઘટનાઓ તેના ષડયંત્રકારોના ટાઇમિંગ અને ઈરાદા પર તેમજ સંપૂર્ણ સામાન્ય સ્થિતિ હોવાના સરકારના દાવા પર શંકા ઊભી કરે છે.

પાંચ વર્ષ પહેલાં સરકારે ચોક્કસ સમયમર્યાદા આપ્યા વિના રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે સંસદનાં બંને ગૃહો સમક્ષ પ્રતિબદ્ધતા દર્શાવી હતી. ત્રણ વર્ષ પહેલાં સુપ્રીમ કોર્ટ સમક્ષ પણ એ જ વાત પુનરાવર્તિત કરવામાં આવી હતી. આ સમગ્ર સમય દરમિયાન, રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનું માત્ર એક નાટક બનીને રહી ગયું છે, ત્યારે ચૂંટણી પ્રક્રિયા સંબંધિત પ્રવૃત્તિઓ, જેમાંથી સૌથી મહત્ત્વપૂર્ણ લોકસભા અને વિધાનસભા મતવિસ્તારોનું સીમાંકન (ડીલિમિટેશન) છે, તેને આગળ વધવા દેવામાં આવી છે.

આનાથી કોઈને ફાયદો થયો ન

વાસ્તવિકતા એ છે કે 5 ઓગસ્ટ, 2019થી જ આર્ટિકલ 370ના મુદ્દાઓ રાજકીય અને ચૂંટણીકીય યોજના સાથે ઘડવામાં આવ્યા હતા. મુખ્ય હેતુ ભવિષ્યની ચૂંટણીઓ માટે રસ્તો સરળ બનાવવાનો હતો, નહીં કે જમ્મુ-કાશ્મીર અને તેનાં લોકોનું ભલું કરવાનો.તેના અન્ય ઘણાં પાસાંઓ છે જેને મુદ્દલે નજરઅંદાજ કરવામાં આવી રહ્યા છે.

જો કે 5 ઓગસ્ટ, 2026નો દિવસ વીતી ગયો છે. પરંતુ સંસદના ચાલી રહેલા ચોમાસુ સત્ર દ્વારા કેન્દ્ર સરકાર માટે હજુ પણ એક તક રહેલી છે. પરીક્ષાના પેપર લીક અને જેન ઝી (Gen Z)નાં વિરોધ પ્રદર્શનો તથા દિલ્હીમાં પોલીસ કાર્યવાહી સંબંધિત મુદ્દાઓ સાથે નિપટવા ઉપરાંત, સંસદમાં રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયા શરૂ કરવાનો માર્ગ મોકળો કરવા માટે સરકારમાં ઉચ્ચ સ્તરેથી વિપક્ષને વિશ્વાસમાં લેવાની પહેલ થવી જોઈએ.

શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાના કિસ્સામાં જે રીતે જોવામાં આવ્યું હતું તેમ આ ચોક્કસપણે "પીછેહઠ" ની શ્રેણીમાં નહીં આવે. વાસ્તવમાં, આમ કરીને સરકાર પોતાની જ ગંભીર પ્રતિબદ્ધતા પૂરી કરશે.

સાતમા વાર્ષિક દિવસે જમ્મુ અને કાશ્મીર બંને પ્રદેશોનાં લોકોમાં ઉત્સાહના અભાવને જોઈને કેન્દ્ર સરકારે આ મોરચે પગલાં લેવામાં અચકાવું જોઈએ નહીં. રાજકીય પક્ષોની તેમના નિર્ધારિત વલણ મુજબની પ્રતિક્રિયાઓ સિવાય, લોકોમાં કોઈ ઉત્સાહ નહોતો. આ ઉત્સાહનો અભાવ આર્થિક ઉત્થાન, પ્રાદેશિક ભેદભાવ-ખાસ કરીને ભાજપના ગઢ ગણાતા જમ્મુ પ્રદેશના સંદર્ભમાં અને જમીન તથા નોકરીના અધિકારોના રક્ષણ (હિમાચલ પ્રદેશ અને કેટલાંક અન્ય રાજ્યોની તર્જ પર) દ્વારા રાજકીય સશક્તિકરણ સંબંધિત અપૂર્ણ વચનો પ્રત્યેનો અસંતોષ દર્શાવે છે.

સાતમી વાર્ષિક તિથિ સત્તાધીશો માટે 5 ઓગસ્ટ, 2019ના રોજ શરૂ કરાયેલી પ્રક્રિયાના વાસ્તવિક લાભો અંગે ખોટા અહંકાર પર બેસી રહ્યા વિના ગંભીર આત્મનિરીક્ષણ કરવાની પણ માગ કરે છે. એમાં કોઈ શંકા નથી કે સુરક્ષા અને શાંતિ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ, પરંતુ પ્રાદેશિક ભેદભાવ, રાજકીય સશક્તિકરણ અને મૂળભૂત અધિકારોના રક્ષણ સંબંધિત અન્ય મુદ્દાઓને નજરઅંદાજ કરી શકાય નહીં અને તેમાં વધુ વિલંબ કરી શકાય નહીં.

'ટૂંક સમય એટલે કેટલો ટૂંક સમય?' - જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવામાં થઈ રહેલા વિલંબ અંગે પૂર્વ ગૃહમંત્રી શ્રી પી. ચિદમ્બરમના આ પ્રશ્નનો સરકારે જવાબ આપવો જ જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## રશિયા, ભારત અને ચીન

ટ્રમ્પના ઘાસચારાન ખાઈ-ખાઈને અમેરિકન પ્રમુખ ભૂરાંટ થતા જાય છે. સત્તાનાં સૂત્રો સંભાળતાં-વેંત જ એમણે દુનિયાના દેશોના અમેરિકામાં આયાત થતા માલ-સામાન ઉપર આડેધડ ટેરિફ ઝીંકવાનું શરૂ કર્યું છે. એમાંય ભારત સાથે સારી મૈત્રી અદા કરનાર ડોનાલ્ડ ટ્રમ્પે સૌથી વધુ ટેરિફ ઝીંકવાનું શરૂ કર્યું છે. બ્રાઝિલ પણ એમની ઝપેટમાં આવી ગયું છે એટલે તો બ્રાઝિલના પ્રમુખ, ભારતના વડાપ્રધાન મોદીજીને હમણાં જ ફોન કર્યો હતો. ટ્રમ્પના 'ટેરિફ પગલાં' ને કારણે હવે ભારતને, રશિયા અને ચીન સાથે ગાઢ સંબંધો બાંધવાનું મન થઈ રહ્યું છે. એશિયાના આ ત્રણેય દેશ, જો એકમત થાય તો અમેરિકાનું વર્ચસ્વ ઝાંખુ પડી શકે છે. રશિયા અને ચીન સમાન વિચારધારાવાળા દેશો છે. પણ ભારત લોકશાહી દેશ હોવાથી એણે ચીન સાથેના સંબંધોમાં સાવધની રાખવી જરૂરી બનશે કારણ કે ચીન ભારત સાથે ક્યારેય વિશ્વાસપાત્ર દેશ રહ્યો નથી. એ દગાખોર દેશ છે એટલે ભારતે આ બેય દેશોના ત્રિપક્ષીય સમજૂતીમાં ખૂબ જ સાવધ રહેવું પડે એવું મને લાગે છે. બાકી રશિયા તો હંમેશા આપણી સાથે સારા સંબંધો નિભાવતુ રહ્યું છે. આ ત્રિકોણને બદી રીતે સફળતા મળે એવી અભ્યર્થના.

**સુરત - બાબુભાઈ નાઈ**

## પોસ્ટના એટીએમ કાર્ડ

પોસ્ટ વિભાગ બેન્કીંગ સિસ્ટમ અપનાવીને અપગ્રેડ કરી રહી છે જે સારી બાબત છે. પોસ્ટ દ્વારા ગ્રાહકોને એટીએમ કાર્ડની પણ સુવિધા આપવામાં આવી છે પરંતુ આ કાર્ડ માત્ર નામનો છે, કામનો નથી. કારણ કે ગ્રાહકો જ્યારે કાર્ડનો ઉપયોગ કરવા જાય છે ત્યારે તમારો કાર્ડ ઈનએકટીવ છે એવો મેસેજ બતાવે છે અને આ અંગે પોસ્ટના સત્તાધીશોને ફરિયાદ કરતાં જણાવે છે કે પોસ્ટ ગ્રાહક સુરક્ષા વિભાગમાં ફોન કરો અને કોઈ પણ સંતોષકારક જવાબ મળતો નથી.તો આ અંગે પોસ્ટ વિભાગના સત્તાધીશોએ એટીએમ કાર્ડ ઇશ્યુ કરતાં પહેલાં પ્રોગ્રામ સોફ્ટવેરમાં સમસ્યાઓ દૂર કરવી જોઈએ જે ગ્રાહકના હિતમાં છે.

**સુરત - રાજુ રાવલ**

## વૃક્ષારોપણ - આશીર્વાદ

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી હરિબાવા ગોસાઈનો મઠ ભરૂચ જિલ્લાના મહેગામ મુકામે મઠ આવેલો છે. ગુજરાત અને સુરત શહેર, ભરૂચ અને સુરત જિલ્લામાંથી માહ્યાવંશી બહેનો ભાઈઓ દર અમાસે મોટી સંખ્યામાં દર્શનાર્થે પધારે છે. વિનામૂલ્યે ભંડારો પણ ચાલે છે. સુરતથી મહેગામ મુકામે પૂ. સદ્‌ગુરુ પ્રવાસ ગ્રુપ દર અમાસે બસ ઉપાડે છે. આ અમાસે આ ગ્રુપ દ્વારા ૭૫ જેટલાં વૃક્ષો ઉગાડવાનું ભગીરથ કાર્ય ઉપાડી ટ્રીગાર્ડ સહિત લીમડો, પીપળો, આસોપાલવ, ગરમાળો, વિવિધ પ્રકારના પુષ્પો, તુલસી જેવાં વૃક્ષો ઉગાડી મંદિર પરિસરની શોભા વધારી છે. પૃથ્વી અને પર્યાવરણનો પ્રશ્ન ઉકેલ માંગે છે. ત્યારે વૃક્ષારોપણનું કાર્ય અત્યંત જરૂરી છે. વૃક્ષોને આપણે બચાવીશું તો વૃક્ષ આપણને બચાવશે. આપણને પ્રાણસ્વરૂપ ઓક્સિજન મળશે.આ ૭૫ વૃક્ષોને ઉગાડવાની અને તેનું જતન કરી વૃક્ષોને જીવનદાન આપવાનું આ ભગીરથ કાર્ય અનોખુ અને અભિનંદનને પાત્ર છે. આ ગ્રુપમાં શ્રી હેમંતભાઈ કોસંબીયા, શ્રી કિશોરભાઈ કોસંબિયા તથા રાજેશભાઈ પરવતીયા એ પોતાનું ખાસ યોગદાન આપી. સેંકડો ભક્તો પાસે મંદિરની આસપાસ વિશાળ વિસ્તારમાં વૃક્ષારોપણ કરાવી ઉમદા કાર્ય કર્યું છે. ભવિષ્યમાં આ વૃક્ષો પર્યાવરણ અને શોભામાં અભિવૃદ્ધિ કરશે. જય માહ્યાવંશી.

**સુરત -ગોપાળ પરમાર**

## સોશ્યલ મીડિયા વેટ લોસ

સોશ્યલ મીડિયા પર પેઈજ ઓપન કરો એટલે વજન ઘટાડવાની જાહેરાતનાં અસંખ્ય પેઈજ જોવા મળે છે અને તે પણ કોઈ એકસર સાઈઝ વગર - કોઈ ડાયેટ પ્લાન વગર હોમ ડીલેવરી 999 માં, 1500 માં, 90 kg વેટ લોસ ફક્ત 30 દિવસમાં 7 થી 10 kg કેટલું બધું અશક્ય અને રોકટોક વગર લોકો આપણને આડા પાટે લઈ જાય છે અને એને કાબૂમાં લેવાવાળું કોઈ નથી. આયુર્વેદ અને જડી બુટ્ટીની ફાસ્ટ ફેટ લોસ જેવી લોભામણી ઓફરના શિકાર લોકો બને છે. આને મહેરબાની કરીને અટકાવો અને આનાં લાયસન્સ ચેક કરો. લોકો મેડીસીનના નામે પોતાનું પેટ- આંતરડા અને પાચનશક્તિને બગાડે છે. આ અસત્ય વસ્તુને કેમ આવી રીતે ખોટા માર્ગે દોરે છે. આના ઉપર સખત રીતે પગલાં લઈ એની જડ સુધી પહોચવું જોઈએ જેથી લોકો ગેરમાર્ગે ન દોરાય.

**સુરત - તુષાર શાહ**

## જીણવટભરી તપાસ

ગુજરાત માધ્યમિક ઉચ્ચ શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં માત્ર ઉત્તરવહી ચકાસણીમાં જ નહીં પણ પરીક્ષાખંડમાં કેવી મોટી ગંભીર ભૂલ નીરીક્ષકની હતી. વિદ્યાર્થીના નામના વિષયમાં 83ના 16 માર્કસ થઇ ગયા. નિરીક્ષકે ઠોઠ વિદ્યાર્થીનો બેઠક ક્રમનો બારકોડ લગાવાયો હતો. આમ પરીક્ષા ખંડમાં પણ નીરીક્ષક દ્વારા છબરડા થઇ રહ્યા છે. ફેબ્રુઆરી-માર્ચના ધો. 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપનારી તેજસ્વી વિદ્યાર્થીને ભૂલથી 16 માર્કસ આપી નાપાસ જાહેર કરાઇ હતી. તથા રેચેકીંગમાં પણ તેના માર્કસ તો 16 જ રહ્યા. ત્યારબાદ વિદ્યાર્થીના પિતાને સાથે રાખીને બોર્ડમાં રજૂઆત કરાઇ ત્યારે જાણવા મળ્યું કે આ ભૂલ વર્ગની નીરીક્ષકની હતી. તેમણે ભૂલથી બીજા છોકરીનુ બારકોડ સ્ટીકર આ વિદ્યાર્થીનીની ઉત્તરવહી પર લગાવી દીધુ હતુ. આમ જીણવટભરી તપાસને અંતે આ વિદ્યાર્થીનીના 83 માર્કસ થયા જેને 16 માર્કસ જ મળ્યા હતા. નાની સરખી ભૂલના લીધે વિદ્યાર્થનીને સહન કરવાનો વારો આવ્યો. જોકે તેનુ પરિણામ સુખદ આવ્યું એટલે સંતોષ છે આવા પણ છબરડા થાય છે ખરા.

**સુરત -શીલા ભટ્ટ**

## ભારતીય રમત શતરંજ

વર્તમાનમાં વિશ્વ સ્તરે ભારતના ઘણા સ્પર્ધકો એ નામના મેળવી છે. પરંતુ આ રમત વિશે એક ખોટી માન્યતા એ ફેલાયેલી છે કે એ માં સમય પુષ્કળ વેડફાય છે. ક્રિકેટમાં જેમ પાંચ દિવસની ટેસ્ટ મેચ પછી વન ડેનુ ફોર્મેટ આવ્યુ અને લાખો તો શું પણ કરોડો માં પ્રેક્ષકોની સંખ્યા પહોંચી ગઈ. આવુ જ કંઈક શતરંજ (ચેસ) માટે પણ છે. એના પણ અલગઅલગ ફોર્મેટ છે. મુખ્યત્વે તેના નામ છે, બુલેટ, બ્લીટ્સ અને રેપિડ. જેમા અનુક્રમે સ્પર્ધકે એક, ત્રણ અને દસ, હા ફરી એકવાર કહું છું એક, ત્રણ અને દસ મિનિટ માં પોતાની 'રમત રમી' લેવાની હોય છે. આ વાત તો થઈ સમય મર્યાદાની, પરંતુ વર્તમાનમાં બે વ્યક્તિ એ સામસામે બેસી ને તો ઠીક, પરંતુ એક જ સમયે 'ઓન લાઈન' રમવા માટે પણ મેળ નથી ખાતો હોતો. પણ આનુ પણ સોલ્યુશન છે.

ચેસ ડોટ કોમ નામની એક વેબસાઈટ પર 250 મીલીયન રજિસ્ટર્ડ ખેલાડીઓ છે. આવી જ એક બીજી 'લી ચેસ' નામની પણ સાઈટ છે, જે આપણી રમત ના પૃથઃકરણ માટે ફૂટી કોડી પણ નથી લેતા આશા છે આપણે આ માત્ર 'વાતો ના વડા' જ નહીં ખાઈયે, પરંતુ એકાદા રસધરાવતા ખેલાડી સાથે પ્રતક્ષ્ય રમી ને કે પછી આ બધી જાણકારી એની સાથે શેર કરી, પરોક્ષ રીતે એને આગળ લાવીએ.

**સુરત -ચેતન જોશી**

## પ્રજાના પ્રશ્નો માટે બિનરાજકીય સમિતિ

પ્રજાના પ્રશ્નો ના ઉકેલ માટે સરકાર શ્રી તરફથી જરૂરી કાર્યેવાહી કરવામાં આવે છે. પરંતુ પ્રજાન વિરુદ્ધ કાયદા, નિયમો બનાવવામાં આવે ત્યારે વિરોધ પક્ષો દ્વારા આંદોલન કરવામાં આવે છે. મોઘવારી, બેકારી, રોજગારી જેવા લોકોનાં અન્ય પ્રશ્નોના ઉકેલ માટે છેલ્લાં કેટલાક સમયથી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. દેશમાં જયારે કોઈપણ પ્રકારનાં આંદોલનો થાય ત્યારે તેનાં ઊકેલ માટે દરેક શહેરો અને ગ્રામ્ય કક્ષાએ બિન રાજકીય મહાજન સમિતિ નુ ગઠન કરવું જોઈએ, સમિતિ માં લેખકો, પત્રકાર, સમાજિક મોભાદાર વ્યકિત, શિક્ષક, કોલેજ ના આચાર્ય, પ્રોફેસર અને અન્ય તજજ્ઞ ની સમાવેશ કરવો જોઈએ. દેશમાં એક્તા, અખંદિતા, સ્વતંત્રતા,સમાનતા અને બંધુત્વ ની ભાવના જળવાઈ રહે તે માટે પણ આવી બિન રાજકીય મહાજન સમિતિઓ બનાવવી જોઈએ.

**સુરત -ચન્દ્રકાન્ત રાણા**